Gujarat Ayurved University – Jamnagar
Accredited Grade 'A' By NAAC (CGPA 3.28)
**Board of Sports & Students' Welfare**
dirbos@ayurveduniversity.com 0288-2555417

• No. G. A. U. / B. O. S. / 2020 - 21 / 93 • Date : 4 - 5 - 2020

# Most Urgent & Only Email

પ્રતિ,
ડાયરેકટરશ્રી, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ., જામનગર
આચાર્યશ્રી, યુનિવર્સિટીની તમામ સંલગ્ન કોલેજો (સેલ્ફ ફાયનાન્સ સહિત)

**વિષય :** **ગુજરાત સ્થાપના દિન નિમિતે યુનિવર્સિટી કક્ષાએ ડીજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત. (કાવ્ય લેખન સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા)**

**સંદર્ભ :** **નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ના તા.૧-૫-૨૦૨૦ ના પત્ર ક્રમાંક : મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦.**

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે **૧લી મે** નારોજ **ગુજરાત સ્થાપના દિવસ** ની ઉજવણી આપણે સૌ દરવર્ષે કરીએ છીએ. પરંતુ હાલ ગુજરાત, દેશ અને સમગ્ર વિશ્વમાં કોવીડ – ૧૯ એટલે કોરોના વાઇરસ એક મહામારી સ્વરૂપે ફેલાયેલી છે. પરિણામ સ્વરૂપે તેની સામે રક્ષણ માટે સરકાર દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત કોરોના વાઇરસ સામે વોરીયર્સ બનીને ગુજરાતી યોદ્ધાઓ ગુજરાતના દરેક ગુજરાતી માટે દિવસ – રાત કામ કરી રહ્યા છે. આવી પરિસ્થિતિ નિર્માણ થયેલ હોય, ગુજરાતના સ્થાપના દિનની ઉજવણી આપના કોરોના વોરીયર્સની કામગીરીને બિરદાવવા અનોખી રીતે સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે તેમજ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઓનલાઈન ડીજીટલ સ્પર્ધાઓનું આયોજન કરવા હિમાયત કરેલ છે. આ યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. કોરોના વોરીયર્સના કાર્યોને બિરદાવવા **"ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરીયર્સની ભૂમિકા"** વિષય પર નીચે મુજબની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકે છે. તમામ સ્પર્ધાના વિજેતાઓને યુનિવર્સિટી તરફથી સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પુરસ્કૃત કરવામાં આવશે.

| ક્રમ | સ્પર્ધા | પ્રથમ ઇનામ | દ્વિતીય ઇનામ | તૃતીય ઇનામ |
|---|---|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા | રૂ.૧૫,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/- | રૂ.૫,૦૦૦/- |
| ૨ | કાવ્ય લેખન સ્પર્ધા | રૂ.૧૫,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/- | રૂ.૫,૦૦૦/- |
| 3 | નિબંધ લેખન સ્પર્ધા | રૂ.૧૫,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/- | રૂ.૫,૦૦૦/- |

આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓએ નીચે આપેલ **રજીસ્ટ્રેશન લીંક પર તા.૫-૫-૨૦૨૦ ને ૨૩:૩૦ કલાક** સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ તેઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિ (ચિત્ર સ્પર્ધા / કાવ્ય લેખન સ્પર્ધા / નિબંધ લેખન સ્પર્ધા) તૈયાર કરી તેને **ફક્ત પી.ડી.એફ. (PDF) ફોરમેટ**માં તૈયાર કરી નીચે આપેલ બીજી **સબમિશન લીંક પર તા.૭-૫-૨૦૨૦ ને ૧૧:૩૦ કલાક** સુધીમાં કૃતિ અપલોડ કરવાની રહેશે. આપશ્રી અંગત રસ દાખવીને યુનિવર્સિટીના મહતમ વિદ્યાર્થીઓ સુધી આ સ્પર્ધાની માહિતી પહોચે તથા ભાગ લઈ શકે તે માટે આપના સ્તરેથી વ્યવસ્થા કરશો. તેમજ અન્ય માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ પર પણ મુકેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

- **રજીસ્ટ્રેશન લીંક** = https://forms.gle/cFchEQnnLM3PYMXe9
- **સબમિશન લીંક** = https://forms.gle/jbc2GxnwRtv24Sv77

આભાર સહ...

આપનો વિશ્વાસુ

બિડાણ : ૧. ઉપરોક્ત સંદર્ભ પત્રની નકલ – ૧
૨. સ્પર્ધાઓના નિયમો

/- સહી /-
**(એચ. પી. ઝાલા)**
નિયામક
શારીરિક શિક્ષણ

નકલ રવાના :

૧. પી.એસ. ટુ વી.સી.
૨. પી.એ. ટુ રજીસ્ટ્રાર
૩. પી.પી.એસ.(આઈ.ટી.) ટુ વી.સી.
**ઉપરોક્ત સ્પર્ધાઓની વિગતો વેબસાઈટ પર અપલોડ કરવાની સુચના સાથે.**

𝔊𝔲𝔧𝔞𝔯𝔞𝔱 𝔄𝔶𝔲𝔯𝔳𝔢𝔡 𝔘𝔫𝔦𝔳𝔢𝔯𝔰𝔦𝔱𝔶 – 𝔍𝔞𝔪𝔫𝔞𝔤𝔞𝔯
Accredited Grade 'A' By NAAC (CGPA 3.28)
**Board of Sports & Students' Welfare**
dirbos@ayurveduniversity.com 0288-2555417

# • સ્પર્ધાઓના નિયમો •

૧) નિબંધ લેખન સ્પર્ધા :

- નિબંધની મર્યાદા આશરે ૭૦૦ શબ્દોની રહેશે.
- નિબંધની ભાષા ગુજરાત, હિન્દી અથવા અંગ્રેજી રહેશે.

૨) કાવ્ય લેખન સ્પર્ધા :

- કાવ્ય સ્પર્ધકનું સ્વરચિત હોવું જોઈએ અને અન્યનું કાવ્ય માલુમ પડતા એન્ટ્રી રદ થઈ શકશે જેના સર્વે હક્કો યુનિવર્સિટીની આધીન રહેશે.

૩) ચિત્ર સ્પર્ધા :

- સ્પર્ધા માટેનું ચિત્ર સ્પર્ધકનું પોતાનું મૌલિક હોવું જોઈએ. અન્યનું ચિત્ર માલુમ પડતા એન્ટ્રી રદ થઈ શકશે જેના સર્વે હક્કો યુનિવર્સિટીની આધીન રહેશે.
- A3 સાઈઝનું ચિત્ર મોકલવાનું રહેશે. ચિત્ર માટે કોઈપણ પ્રકારના રંગોનો ઉપયોગ થઈ શકશે.

નોંધ :

૧) તમામ સ્પર્ધાઓ માટે વિષય **"ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરીયર્સની ભૂમિકા"** રહેશે.

૨) રચના / કૃતિ ના અંતે વિદ્યાર્થીએ પોતાનું તેમજ કૉલેજનું નામ અવશ્ય લખવાનું રહેશે.

/- સહી /-
**(એચ. પી. ઝાલા)**
નિયામક
શારીરિક શિક્ષણ

**By Mail**

ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી,
બ્લોક નં. ૧૨/૨, ડૉ જે.એમ. ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૦૧/૦૫/૨૦૨૦.

વિષય :- ગુજરાત સ્થાપના દિન નિમિતે યુનિવર્સીટી કક્ષાએ ડિજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત.

વંચાણે લીધા :- (૧) અત્રેની કચેરી નો તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮.

(૨) અત્રેની કચેરી નો તા. ૦૧/૦૫/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦.

**પરિપત્ર :-**

આપણે સૌ જાણીએ છીએ તેમ ૧લી મે એટલે ગુજરાતમાં કે ગુજરાતની બહાર વસતા દરેક ગુજરાતી માટે અનોખો દિવસ એટલે ગુજરાતનો સ્થાપના દિવસ.

દર વર્ષે ૧લી મે નાં રોજ ગુજરાત સ્થાપનાદિનની ઉજવણી જુદી જુદી રીતે સંસ્થાઓ અને સરકાર દ્વારા કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે આપ સૌ સુવિદિત છો તેમ ગુજરાત, દેશ અને સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ એટલે કોરોના વાઈરસ એક મહામારી સ્વરૂપે ફેલાયેલ છે. પરિણામ સ્વરૂપ તેની સામે રક્ષણ માટે સરકાર દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે ૨૩ માર્ચ થી સમગ્ર રાજ્યમાં લોકડાઉન જાહેર કરેલ છે. જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતે આ પગલા આવકારી તેનો અમલ કરેલ છે. દરમ્યાન કોરોના વાઈરસ સામે વોરિયર્સ બનીને ગુજરાતી યોદ્ધાઓ ગુજરાતના દરેક ગુજરાતી માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. આવી પરિસ્થિતી નિર્માણ થયેલ હોય ગુજરાતના સ્થાપનાદિનની ઉજવણી આપણા કોરોના વોરિયર્સની કામગીરીને બિરદાવવાના ભાગરૂપે અનોખી રીતે કરવાની થાય છે. આપણે ટેક્નોલોજી નો ઉપયોગ કરીને ઓનલાઈન ડીજીટલ સ્પર્ધાઓ કરાવી આપણા આ યોદ્ધાઓને સન્માનીએ તે માટે ડીજીટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરીને ૧લી મે એટલે ગુજરાત સ્થાપનાદિનની ઉજવણી કરીએ.

ઉપરોક્ત વંચાણે લીધા અત્રેની કચેરીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮ પરિપત્ર અને અત્રેની કચેરીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦ અનુસાર આ ઉજવણીના ભાગ રૂપે યોજાનાર ઉપરોક્ત સ્પર્ધાઓમાં વિષય વસ્તુ **" ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભુમિકા"** રહેશે. આ સ્પર્ધાનું આયોજન યુનિવર્સીટી કક્ષાએ કરવાનું રહેશે. યુનિવર્સીટી કક્ષાએ સ્પર્ધા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ જાહેર કરવાના રહેશે. આ સ્પર્ધા માટેના નિયમો નીચે મુજબના રહેશે.

**<u>સ્પર્ધાનાં નિયમો :-</u>**

૧. યુનિવર્સીટીએ આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓનું સૌ પહેલા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૨. રજીસ્ટ્રેશન કર્યાના બીજા જ દિવસે સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

૩. આ સ્પર્ધાઓ એક સપ્તાહમાં પુર્ણ કરી ઈ-અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૪. યુનિવર્સીટી કક્ષાએ સ્પર્ધા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય અનુક્રમે રૂ.૧૫૦૦૦/-, રૂ.૧૧૦૦૦ તથા રૂ.૫૦૦૦/- આપવાના રહેશે.

૫. યુનિવર્સીટી કક્ષાએ આ સ્પર્ધાનું સંકલન દરેક યુનિવર્સીટીના રજિસ્ટ્રારશ્રી દ્વારા કરવામાં આવશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

**<u>પ્રતિ,</u>**

૧. રજીસ્ટ્રારશ્રી, સરકારી યુનિવર્સીટીઓ તમામ.

૨. આચાર્યશ્રી, સરકારી યુનિવર્સીટી સલગ્ન તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/સ્વનિર્ભર કોલેજો (અમલીકરણ અર્થે).

**<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :-</u>**

- માન. ઉપસચિવશ્રી (ખ-શાખા), શિક્ષણ વિભાગ, ગુ.રા. ગાંધીનગર તરફ.